રાજકુમાર રજોહરણ લઇને ગુરૂ ભગવંનને પ્રદક્ષિણા આપે છે, ત્યાં જ પડ્યા, મૃત્યુ પામ્યા, સ્વર્ગમાં ગયા. દેવ થઇને તરત ગુરૂ ભગવંતને વંદન કરવા-પિતાને પ્રતિબોધ કરવા આવ્યા...

જો મહોત્સવ પૂરતી રાહ જોવા રહ્યા હોત, તો સંયમથી વંચિત રહી જાત, એટલું જ આયુષ્ય હતું !

ધર્મકાર્યને નિષ્કારણ વિલંબમાં મૂકવાથી કોઇ લાભ થતો નથી.

૨. દીક્ષા લઇને મુખ્યત્વે જ્ઞાનયોગ આરાધવાનો છે. અને નાની ઉંમરમાં જે ઝડપથી ભણી શકાય, જેટલું સારૂં ભણી શકાય, તે મોટી ઉંમરે તો સંભવિત બને નહીં...

બાળદીક્ષિતો જેટલું ભણી શકે છે. તેટલું પ્રાયઃમોટી ઉંમરે દીક્ષા લેનારા ભણી નથી શકતા એ અનુભવ છે. મોટી ઉંમરે દીક્ષા લેનારાને મોટે ભાગે પોતે મોડા પડ્યાનો પસ્તાવો જ થતો હોય છે !



શું નાની ઉંમરમાં દીક્ષા આપી શકાય ?

: પ્રાક્કથન :

શું નાની ઉંમરે દીક્ષા આપી શકાય ?

દીક્ષા જીવનને ઉપાદેય માનનારા કેટલાક આરાધકોના મનમાં પણ આ પ્રશ્ન ઊઠતો હોય છે.

ખરેખર તો, જ્ઞાની ભગવંતોએ ૮ વર્ષની ઉંમરે દીક્ષાની રજા આપી છે. એ વચન જ શ્રદ્ધા ધરાવનારાઓ માટે પ્રત્યુત્તર રૂપે પૂરતો છે.

પણ સહુની શ્રદ્ધા એટલી દઢ નથી હોતી અને એટલે વિકલ્પો જાગે છે. ક્યારેક શ્રદ્ધા હોવા છતાં, તર્કથી સમજવાની જિજ્ઞાસા જાગે છે.

તેમની જિજ્ઞાસાઓનું સમાધાન કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

શાસન પ્રભાવક પ.પૂ.પં.શ્રી ઉદયવલ્લભ વિ.મ.સા.(હાલ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ઉદયવલ્લભ સૂરીશ્વરજી મ.સા.) લિખિત પુસ્તક 'બાળદીક્ષાનો જય' આ લખાણ કરવામાં મુખ્ય આલંબન બન્યું છે. પૂજ્યશ્રીનો અંતઃકરણથી ઋણસ્વીકાર કરું છું.

મધ્યસ્થ પ્રજ્ઞા ધરાવનારા જિજ્ઞાસુઓને આનાથી ચોક્કસ સમાધાન થશે, એ શ્રદ્ધા છે.

બાકી, જેમને - યેન કેન પ્રકારેણ - દીક્ષાનો વિરોધ જ કરવો છે, તેવા ધર્મદ્વેષીઓ તો ઉપેક્ષાને જ પાત્ર છે.

લિ.

ભવ્યસુંદર વિજય

થાય તો ?

ઉત્તર : આવો પ્રશ્ન કરતાં પૂર્વે બાળપણમાં દીક્ષિત થઇને વિચરી રહેલાં સાધુ-સાધ્વી ભગવંતોનો પરિચય કરીને જાણી લો... તેઓ વર્ધમાન પરિણામે સંયમજીવન જીવે છે. એટલું જ નહીં, પોતાના માતા-પિતા, ભાઇ-બહેન વગેરે પરિવારજનો અને અન્યોને ઉપદેશ આપીને સંયમ લેવા પ્રેરે છે... પસ્તાવાનો પ્રશ્ન જ ક્યાં છે ? સો એ એકાદ અપવાદરૂપ કેસમાં કોઇને પસ્તાવો થયો હોય તેટલા માત્રથી જો કોઇને બાળપણમાં દીક્ષા ન આપવી તેવો નિયમ કરશો, તો આ જગત કેવા મહાપુરૂષોથી વંચિત રહી જશે ?

- ૩ા કરોડ શ્લોકના રચયિતા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી
- રોજના ૧૦૦૦ શ્લોક ગોખનારા બપ્પભટ્ટી સૂરિજી
- ન્યાયવિશારદ મહોપાધ્યાય યશોવિજયજી મ. વગેરે પૂર્વકાલીન મહાપુરૂષો...
-સિદ્ધાંત દિવાકર પૂ.આ.શ્રી જયઘોષસૂરિશ્વર મ.
- ભૂગોળના નિષ્ણાત પૂ.પં. અભયસાગરજી મ.
- લિપિના નિષ્ણાત પૂ.મુ. શ્રી જંબૂવિજયજી મ.

વગેરે બધા બાળદીક્ષિતો છે.

અને ૧ ટકા કેસમાં પસ્તાવો થતો હોવાથી જો બાળદીક્ષા અયોગ્ય ઠરતી હોય તો
- લગ્ન વ્યવસ્થા (જેમાં કદાચ ઘણાં વધારે ટકાને પસ્તાવો થાય છે !)
- વર્તમાન શિક્ષણ વ્યવસ્થા વગેરે બધા જ અયોગ્ય ઠરશે...

અને પસ્તાવાની જ વાત કરવી હોય તો, મોટી ઉંમરે ધર્મમાર્ગ સમજેલી હજારો (ફરી વાંચશો-હજારો) વ્યકિતઓ એવી છે, કે તેમને પોતાના મા-બાપે નાનપણના ધર્મના માર્ગે ન વાળ્યા-સંસ્કાર ન આપ્યા-તેનો પારાવાર પસ્તાવો છે...

તેના માટે કદી કોઇ મા-બાપને ગુનેગાર ગણાયા ખરા ?

પ્રશ્ન : પણ નાની ઉંમરે દીક્ષા આપવાની ઉતાવળ શા માટે ? મોટા થઇને - સમજણા થઇને લે, તો શો વાંધો ?

ઉત્તર : ૧. કોના આયુષ્યનો ભરોસો છે ?

શાસ્ત્રોમાં એક સરસ કથા આવે છે... રાજકુમારને દીક્ષા લેવાની ઇચ્છા થઇ. રાજાએ કહ્યું. '૮ દિવસનો મહોત્સવ કરીને આપું' ગુરૂ કેવલી હતાં. તેમણે કહ્યું. 'દીક્ષા હમણાં આપો, મહોત્સવ પછી કરજો.' રાજા સંમત થયાં.

ઉત્તર : ઘણાં મા-બાપ પોતાની ઇચ્છાને સંતોષવા બાળકનું બાળપણ છોડાવીને ભણવા પાછળ અતિ-શ્રમ કરાવે છે...ક્રિકેટ વગેર રમતોમાં નિષ્ણાત બનાવવામાટે કઠોર પરિશ્રમ કરાવે છે. સંગીત વગેરેમાં નિપુણ બનાવવા ખાવા-પીવા પર નિયંત્રણો મૂકે છે... આ બધાને તમે અનુચિત માનો છો ?

પ્રશ્ન : ના. મા-બાપ બાળકના ભવિષ્યના હિતને નજરમાં રાખીને આ બધું કરાવે છે.

ઉત્તર : તો પછી જે મા-બાપને સંયમમાં જ સાચું સુખ દેખાય, સંયમ જ પરલોકમાં સુખ આપનાર જણાય, તે મા-બાપને પોતાના બાળકને સંયમમાર્ગે પ્રેરવાનો અધિકાર કેમ ન હોય? તેને જ તમે અનુચિત માનતા હો, તો તમારા અંતરમાં બાળકનું હિત છે કે ધર્મદ્વેષ છે? તે ચકાસવાની જરૂર છે...

પ્રશ્ન : બાળકની પાસે લોચ કરાવવો, વિહાર કરાવવો, ગોચરી વહોરવા ઘરે-ઘરે મોકલવા આ બધું અત્યાચાર/જુલમ નથી?

ઉત્તર : જે વસ્તુ સ્વેચ્છાએ સ્વીકારી હોય, તેને જુલમ શી રીતે કહેવાય ? બાકી તો લશ્કરના જવાનો પર મૂકાતા શિસ્તના નિયંત્રણો, પર્વતારોહકો, સાગરખેડૂઓ દ્વારા હસતાં મુખે સહેવાતા કષ્ટોને જુલમ કહેવા પડશે !

વળી, જૈન શાસ્ત્રોમાં બાળમુનિ વિશિષ્ટ સેવાને પાત્ર ગણાયા છે. શરીરથી શકિત સંપન્ન ન થાય, ત્યાં સુધી તેમને ગોચરી વહોરવા મોકલાતા નથી. તેમના ગુરૂ ભગવંત/ગુરૂભાઇઓ તેમની બધી કાળજી કરે છે. જુલમ ની કલ્પના કરતાં પૂર્વે બાળમુનિની કાળજી કેવી કરાય છે? તે કોઇ બાળમુનિ ધરાવતાં ગ્રુપની સાથે રહીને જોઇ લેવા જેવું છે.

જુલમ તો ખરેખર આધુનિક/અંગ્રેજી શિક્ષણની વ્યવસ્થા કરે છે.

પ્રાચીન વ્યવસ્થામાં આઠ વર્ષ સુધી શિક્ષણ નહોતું. હાલ તો ૩ વર્ષનો ટાબરિયો દફતર ઊંચકીને જાય છે !

હોમવર્કનો ભાર, ટયુશન-કલાસની માયાજાળ, ટિફીનનું ખાવું પડે તેવી સ્કૂલોની વ્યવસ્થા, જે બાળક પાસેથી બાળપણ સર્વથા ખૂંચવી લે છે; (કિટલાંક બાળકો તેમના પિતાશ્રી કરતાં વધુ busy Schedule ધરાવે છે. તે અનુભવેલ હકીકતછે.) તે પણ પરાણે-અનિચ્છાએ કરાવવું; તે કોઇને કેમ જુલમરૂપ લાગતું નથી?

પ્રશ્ન : નાની ઉંમરમાં અપરિપકવ સમજમાં છોડ્યા પછી, મોટી ઉંમરે પસ્તાવો

: શું નાની ઉંમરે દીક્ષા આપી શકાય ? :

પ્રશ્ન : દીક્ષા એ દુનિયાના ઘણાં સુખોનો ત્યાગ છે. જેને સમજણ જ નથી કે, પોતે શું છોડી રહ્યો છે. તેનો ત્યાગ કરાવીને તેને દીક્ષા શી રીતે આપી શકાય ?

ઉત્તર : ૧. દીક્ષા એ સુખોના ત્યાગરૂપ નથી, સામગ્રીના ત્યાગરૂપ છે. સામગ્રી હોય તો સુખ હોય જ, તેવો કોઇ નિયમ નથી. અબજોપતિઓ, રાજા-મહારાજાઓ, જગપ્રસિદ્ધ ખેલાડીઓ કે અભિનેતાઓ પણ મહાદુઃખથી પીડાતા-આત્મહત્યા કરતાં જોવા મળે છે.

જો સામગ્રીમાં જ સુખ હોત તો આ બધા દુઃખી શી રીતે હોય ? અને જેમની પાસે નગણ્ય સામગ્રી છે, તેવા સાધુ-સંતો-ફકીરો કે સંતોષી ગૃહસ્થો પણ અબજોપતિઓ કરતાં અબજો ગણાં સુખી જોવા મળે છે. એટલે દીક્ષા એ સુખોનો ત્યાગ છે. એ તમારો ભ્રમ છે...

અમે તો ઊલ્ટું એમ કહીશું કે દીક્ષા એ મામૂલી સામગ્રીઓ ત્યાગીને ઉચ્ચકક્ષાના આધ્યાત્મિક / માનસિક સુખની પ્રાપ્તિ છે... જો કોઇ તેવું સુખ પ્રાપ્ત કરવા જઇ રહ્યું હોય તો તેને અટકાવનાર તેને દુઃખી જ કરી રહ્યો છે.

શંકા - પણ અનુભવ તો એવો જ થાય છે કે સામગ્રીથી સુખ મળે છે.

સમાધાન - તેમ તો દારૂ / ચરસ પીનારાને તેમાં જ સુખનો અનુભવ થાય છે. તેથી કંઇ તેમાં સુખ માની ન લેવાય.

જે સહુને સદા સુખ આપે, અને પછી મોટું દુઃખ ન લાવે, તેને જ સુખનું કારણ માની શકાય.

ભરપૂર સામગ્રી જેમની પાસે છે, તેમાંના મોટા ભાગના લોકો દુઃખી જ છે એ કડવી વાસ્તવિકતા છે. અને આ સામગ્રીની પ્રાપ્તિ-ભોગવટાની પાછળ થતાં પાપો અનેક ગણાં મોટા દુઃખોને લાવનારા પણ બને છે. તો પછી સામગ્રી સુખનું કારણ શી રીતે મનાય ?

૨. તમારી બીજી વાત એ છે કે બાળકને સમજણ નથી. મહાજ્ઞાની પૂર્વકાલીન મહાપુરૂષોએ જેનામાં સમજણની શકયતા નથી, તેવા ૮ વર્ષથી નીચેની ઉંમરનાને દીક્ષા આપવાનો નિષેધ કરેલો છે. પણ જ્ઞાની ભગવંતોએ જોયુ છે કે ૮ વર્ષની ઉંમરે સમજણ આવી શકે છે. અને તો તેને દીક્ષા આપી શકાય છે.

શંકા : ૮ વર્ષની ઉંમરના બાળકમાં સમજણ હોય તેવું દેખાતું નથી.

સમાધાન : બધા જ બાળકોમાં સમજણ હોય તેવુ અમે કહેતા નથી... દીક્ષા લેનારા બાળકોનો આંકડો વર્ષે ૮-૧૦ થી વધુ હોતો નથી.

તેમનામાં પૂર્વભવની આરાધના -સંસ્કારના પ્રભાવે તેવી વિશિષ્ટ સમજણ હોવાની સંભાવના નકારી શકાતી નથી.

દુનિયાનાં બીજા ક્ષેત્રોમાં પણ બહુ નાની ઉંમરે આશ્ચર્યજનક શકિત-સમજણ હોવાના દાખલાઓ મળે છે... જેમ કે...

-વિશ્વવિખ્યાત મોઝાર્ટ છ વર્ષની ઉંમરે મ્યુઝિક કમ્પોઝર બનેલો !

-ભુવનેશ્વરની સાત વર્ષની મેઘાલી વિશ્વના નકશાના કોઈપણ દેશના નામ, રાજધાની, ચલણ,ભાષા વગેરે જાણે છે. તે Virtual Encyclopaedia of world physical geography તરીકે જાણીતી છે.

- દક્ષિણ કોરિયાના કિમ ઉંગ યંગને આઠમા વર્ષે **NASA** માં ભણવાનું આમંત્રણ મળ્યું હતું...!

- અંકિત જયસ્વાલે સાત વર્ષની ઉંમરે સર્જરી કરી હતી...!

હરિયાણાના કોહંડ ગામનો સાડા પાંચ વર્ષનો કૌટિલ્ય જે પ્રશ્નોના જવાબ આપે છે. તે જુઓ...વિશ્વનું સૌથી મોટું રણ... વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષા સૌથી વધુ તેલ કયાં નીકળે છે....

તેમ પૂર્વભવીય સંસ્કારોના પ્રભાવે આધ્યાત્મિક સમજણ હોવાની સંભાવના નકારી શકાય નહીં.

વળી, બાળકને પરાણે કદી દીક્ષા અપાતી નથી. પોતાની સ્વેચ્છાથી લે છે. જેની સમજણ નથી,તેવું કરવા તે શા માટે તૈયાર થાય ? દીક્ષાનો નિર્ણય કરતાં પૂર્વે પોતાના ગુરૂ ભગવંત સાથે છ-બાર મહિના રહે છે... તેમના જીવનને નજીકથી જુએ છે. તે જાણે છે કે દીક્ષા પછી આવું જ જીવન જીવવાનું છે...ખુલ્લા પગે વિહાર કરવાનો છે.... કયાંય સ્થિર ન રહેતાં ફરતાં રહેવાનું છે... લોચ કરાવવાનો છે... માતા-પિતાને છોડવાના છે... ટી.વી.-મોબાઈલ-વિડિયોગેમ છોડવાના છે.... રમત-ગમત છોડવાની છે...

સામાન્યથી બાળકની પાસે છોડાવવી અઘરી એવી ડઝનબંધ ચીજો બાળક સ્વેચ્છાએ છોડવા તૈયાર થાય, તેને સમજણ વિનાનો કહેવો કે વિશિષ્ટ

સમજણવાળો? તોફાન કરવાની ઉંમરમાં પણ શાળાએથી આવીને ડાહ્યાડમરા થઈને પહેલાં હોમવર્ક કરી લેતાં, વડીલો સામે વિનયથી વર્તતા, શિસ્તનું સ્વયંભૂ પાલન કરતાં બાળકો જોવા મળે છે; ત્યારે વિશિષ્ટ સમજણ હોવાનું જ લાગે છે ને ?

૩. બાળક પાસે ત્યાગ કરાવાતો નથી. તે પોતે સ્વેચ્છાએ ત્યાગે છે...

જો અભ્યાસ વગેરે માટે રમત વગેરેના સ્વેચ્છાએ ત્યાગને ડહાપણ જ ગણાય છે, (અને મોટેભાગે પરાણે પણ તેવો ત્યાગ કરાવાય છે.) તેનો વિરોધ કરાતો નથી; તો વિશિષ્ટ આધ્યાત્મિક સુખ માટે કરાતા તેવા ત્યાગનો વિરોધ શા માટે ?

પ્રશ્ન : બાળકને ભોળવી દેવામાં આવે છે. પરલોક-સ્વર્ગ-મોક્ષ-પુણ્ય-પાપોની ખોટી વાતો કરીને, ભરમાવીને તેને દીક્ષા લેવા તૈયાર કરાય છે. તેથી તે સ્વેચ્છાઓ ત્યાગે છે...

ઉત્તર : ૧. કોઈપણ વ્યકિતને થોડા સમય માટે ભરમાવી શકાય; જીવનભર નહીં... દીક્ષા લીધા પછી મોટી ઉંમરે પણ સાધુ પ્રસન્નતાપૂર્વક ત્યાગ જાળવી રાખે છે, વધારે છે; એ જ જણાવે છે. કે તેની સમજણ વાસ્તવિક હતી; ભ્રમ નહીં...

૨. જેમને પૂર્વભવની સ્મૃતિ થઈ હોય અને તે અક્ષરશ: સાચી પડી હોય તેવા સેંકડો દ્રષ્ટાંતો જગપ્રસિદ્ધ છે. ત્યારે પરલોકની વાતોને 'ખોટી' માનવી; તે' અધૂરા' વિજ્ઞાન પરની 'પૂર્ણ' અંધશ્રદ્ધા સિવાય બીજું શું કહીએ ?

૩. સાધુ ભગવંતો સહુને જ પરલોક-પુણ્ય-પાપ-મોક્ષ-સંસારત્યાગનો ઉપદેશ આપે છે. જેમનામાં પૂર્વભવીય સંસ્કારો છે, તેમને તે ઉપદેશ રૂચે છે. તેઓ સ્વયં મહાત્માઓના અંગત પરિચયમાં આવે છે. અને આરાધનાની રૂચિ વધતાં સંયમમાર્ગે આગળ વધે છે...

કોઈને પકડીને ઉપદેશ સાંભળવા બેસાડાતા નથી કે દીક્ષા અપાતી નથી. ઊલટું દીક્ષા લેવા ઈચ્છનારને સાથે રાખીને, તેની પરિણતિ-સત્ત્વ વગેરેની પૂરતી ચકાસણી કરીને દીક્ષા અપાય છે. દીક્ષા લેવા આવનારની અપાત્રતા જણાય તો આપવાની ના પડાતી હોય તેવા સેંકડો દાખલાઓ છે. ત્યારે 'ભોળવીને દીક્ષા અપાય છે' ની વાત એ દ્વેષભરપૂર મિથ્યા પ્રચાર છે કે બીજું કંઈ ?

પ્રશ્ન : બાળકને મા-બાપ પર અખૂટ શ્રદ્ધા હોય છે. એનો લાભ ઉઠાવીને મા-બાપ બાળકને ગુરૂ ભગવંત પાસે લઈ જાય છે. સંયમ લેવા પ્રેરે છે... આ તેની શ્રદ્ધાનો ગેરલાભ જ ઉઠાવાય છે ને ?